


"સાહેબ... જોયોને સપાટો ..?"

"શાના સપાટાની વાત કરો છો ..?"

"કેમ, જોયુ નહિ મહાનગરોની તમામ સિવિલ હોસ્પિટલો સ્વચ્છ બની ગઈ..!"

"હા, જોયુ એ તો મુખ્યમંત્રી ગયા એટલે સાફસૂફી થઈ ગઈ, ઓક્સિજન સીલીન્ડર મંગાવી દીધા, ડૉક્ટરો બધા સ્ટેન્ડ ટુ થઈ ગયા. કેમ ના ગમ્યું તમને ..?"

"ગમ્યુ, ગમ્યુ. પણ માત્ર મુખ્યમંત્રી જાય કે મંત્રી જાય ત્યારે જ કેમ ..? અને આજે સફાઈ થઈ એનો અર્થ એવો થયો કે ગઈકાલ સુધી તો ગંદકી જ હતી."

"એમ નહીં સાહેબ, એમ નહી, રાજ્યના વડા આવવાના હોય એટલે સ્વાભાવિક જ આ બધુ થતુ હોય છે. પણ તમારી નજર જ એવી થઈ ગઈ છે કે મારે કાંઈ કહેવાનુ રહેતુ નથી."

"એવું કાંઈ નહિ. તમારા મંત્રી, મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી આવવાના હોય એટલે રોડ બધા સરસ થઈ જાય. બાકી પ્રજા તો ઠેબા જ ખાય..!"

"અરે સાહેબ એમ પણ સારૂ થાય છે ને..."

"એવું ના ચાલે. લોકશાહીની વ્યાખ્યા શું છે એ ખબર છે ને ..? લોકો વડે, લોકો માટે અને લોકોથી ચાલતુ શાસન એટલે લોકશાહી."

"હા સાહેબ, વ્યાખ્યાઓ તો બધી જ ખબર છે. નિયમ પ્રમાણે જ સરકાર ચાલે છે. બંધારણીય જવાબદારી સમજીએ છીએ, જાણીએ છીએ."

"ભાઈ... આ બધુ તો ભાષણમાં અને ઠરાવમાં શોભે. બાકી તો પ્રજા બિચારી ધક્કે ચડી છે, ધક્કે... એ સિવિલ હોસ્પિટલ હોય કે સરકારી કચેરીઓ હોય, પ્રજાના નસીબમાં હડસેલાવા સિવાય કાંઈ જ દેખાતુ નથી."

"કેમ આટલા બધા નારાજ અને નિરાશ દેખાવ છો ..?"

"સાહેબ... સિત્તેર સિત્તેર વર્ષના વ્હાણાં વાયા... સરકારોની સરકારો બદલાઈ... વચનોની લ્હાણીઓ થઈ... સોનેરી સપનાઓ છુટ્ટે હાથે વહેંચાય છે પણ શોષીતો, પિડીતો, વંચીતો ત્યાંના ત્યાં જ છે."

"હેં... હેં..."

"હા. સાચી વાત છે. સાંભળી લો, સ્કૂલ હોય કે સિવિલ, પહોંચ નથી કે વગ નથી એવા નાગરિકની દશા શું થાય છે અને શું થઈ રહી છે એ કાંઈ છાંનુ ઓછુ છે ..?"

"સાચી વાત છે તમારી... વિકાસ અને કલ્યાણ જ્યાં સુધી અદના નાગરિક સુધી નહિં પહોંચે ત્યાં સુધી બધા જ પોત પોતાની રાજકીય ખીચડીઓ પકાવશે..., વહીવટી તંત્ર મનમાની કરશે... અને બેજવાબદારીની બોલબાલા રહેશે..."

"તો...?"

"સાહેબ... જાગૃત બનવાનો અને જાગૃત બનાવવાનો, અવાજ ઉઠાવવાનો અને અવાજ પહોંચાડવાનો સમય આવી પહોંચ્યો છે. ઘણુ થયુ, હવે સૌ સાથે મળી કર્તવ્ય અને જવાબદારીઓ પરત્વે જાગૃત બનીએ અને જાગૃત બનાવીએ."

- નિમિત્ત માત્ર

# જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૫૦ થઈ

**વાવોલ, કોટેશ્વર અને ખોરજમાંથી આજે કેસ મળ્યા : કલેક્ટર-ડીડીઓએ હોસ્પિટલની મુલાકાત લીધી : હાલ ગાંધીનગર સિવિલમાં ૨૩ દર્દી અંદરના દર્દી તરીકે દાખલ**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના વધુ પાંચ કેસ મળી આવ્યા છે. રાજ્ય સરકારની યાદીમાં આ વિગતો જણાવાઈ છે જે સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા વધીને ૫૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે પાંચ કેસ નોંધાયા છે તેમાં ત્રણ ગાંધીનગરના છે અને ૧ કલોલ તથા ૧ માણસાના ઈટાદરાનો દર્દી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલમાંથી આજે વધુ એક દર્દી મળી આવેલ છે. આ સાથે વાવોલમાંથી મળેલ દર્દીની સંખ્યા ૪ પર પહોંચી છે. આ ઉપરાંત કોટેશ્વર અને ખોરજમાંથી પણ એક-એક દર્દી મળી આવેલ છે.



જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા સતત વધી રહી હોવાથી તંત્ર પણ ચિંતાતુર બન્યુ છે. આજે જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે હાલ ૨૩ દર્દી સારવાર હેઠળ છે. ૧૫ દર્દી સંપૂર્ણરીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાંથી નોંધાયા છે. આ પછી કલોલ, દહેગામ અને માણસાનો ક્રમ આવે છે.

ઓગષ્ટ મહિનામાં જ મળી આવેલ દર્દીઓની સંખ્યા ૩૫ પર પહોંચી છે. તંત્રએ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. એટલુ જ નહિ હવે જિલ્લા કક્ષાએથી પણ તેટલી જ સઘનતાથી તેનુ મોનીટરીંગ કરવાનો નિર્ણય પણ લેવાયો છે.

જિલ્લામાં સ્વાઈન ફલુથી અત્યાર સુધીમાં ૧૦ના મોત થયાનું સરકારી સૂત્રો પણ સ્વીકારી રહ્યા છે.

## શહેરમાં વધુ બે સ્વાઈન ફલુના કેસ મળ્યા

**બન્ને મહિલા દર્દી : આદિવાડા અને ૨૫ જીઆઈડીસીમાંથી આ કેસ મળ્યા : શહેરમાં કુલ આંક ૧૫ પર પહોંચ્યો એકનું મોત : શહેરમાં સ્વાઈન ફલુથી મોતનો આંક ૨ થયો**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા તેમજ સે. ૨૫ જીઆઈડીસી વિસ્તારમાંથી બે કેસ સ્વાઈન ફલના પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે મનપા વિસ્તારમાં સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૧૫ પર પહોંચી છે.

દરમ્યાન સારવાર દરમ્યાન આજે એક મહિલા દર્દીનું મોત નીપજ્યુ છે. આ દર્દી પ્રસુતા પણ હતી તેમ જાણવા મળેલ છે. આ દર્દીના મોત સાથે શહેરમાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા બે થઈ છે. મળતી વિગતો પ્રમાણે બન્ને મહિલા દર્દી છે. બન્નેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે અને ત્યાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે અને એક પણ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી. શહેરમાં પણ ઓગષ્ટ માસ દરમ્યાન જ કેસો વધુ દેખાયા છે. તંત્ર દ્વારા જનજાગૃતિ અભિયાનને વેગીલુ બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. સર્વેલન્સ દરમ્યાન સ્વાઈન ફલુથી બચવા માટે સરળ ઉપાયો જે છે તેની સમજ આપવામાં આવી હતી.તંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે અને તેને સારો પ્રતિસાદ મળી રહ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

## જિલ્લામાં સ્વાઈન ફલુથી વધુ ૧ મોત થતાં મૃત્યુઆંક ૧૧ થયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના એક દર્દીનું સ્વાઈન ફલુથી આજે સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે.

જિલ્લામાં સ્વાઈન ફલુથી આજ સુધીમાં ૧૧ મોત થયા છે. આજે મરણ જનાર દર્દી ગઈકાલે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ. મળતી વિગતો પ્રમાણે આ દર્દી શ્રમજીવી હતો અને કલોલ ખાતે મજૂરી કામ કરી કુટુંબનું ગુજરાન કરતો હતો. આ દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

## મુખ્યમંત્રીના બહેનને પણ સ્વાઈન ફલુની સારવાર અપાઈ

ગાંધીનગર, તા.૧૭

સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવનાર સ્વાઈન ફલુનો વાઈરસ દિવસે ને દિવસે ચિંતાજનક રીતે ફેલાઈ રહ્યો છે. હોસ્પિટલમાં સ્વાઈન ફલુના ત્રણ વોર્ડ ઉભા કરાયા છે. સ્વાઈન ફલુ પોઝીટીવ તેમજ સસ્પેકટેડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના બહેનને પણ સ્વાઈન ફલુએ ઝપેટમાં લીધા હોવાનું ધ્યાને આવ્યું છે. મુખ્યમંત્રીના બહેનને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા ગાંધીનગર હોસ્પિટલમાં સારવારઅર્થે દાખલ કરાયા છે. જેને પગલે હોસ્પિટલ તંત્ર ઉપરાતં આરોગ્ય તંત્ર પણ દોડતુ થઈ ગયુ હોવાનું જાણવા મળ્યું છે. જોકે મોડીરાત્રે બિનસત્તાવાર માહિતી મુજબ તેઓને અમદાવાદ ખાતે વધુ સારવાર અર્થે ખસેડાયા છે.રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના બહેન પણ સ્વાઈન ફલુમાં સપડાયા છે. તા.૧૬ ના રોજ પાટનગરની સિવિલ હોસ્પિટલમાં સાંજના સુમારે લાવ્યા બાદ સારવાર હેઠળ છે. જેને પગલે હોસ્પિટલમાં રજા હોવા છતા સિવિલ ધમધમતી હતી અને હોસ્પિટલ સ્ટાફ અધિકારી-કર્મચારીઓ ઉપરાંત વહીવટી અધિકારીઓની ચહલ પહલ પણ જોવા મળી હતી. આજે બપોરના સુમારે જિલ્લા કલેકટરે પણ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને મુખ્યમંત્રીના બહેનની યોગ્ય સારવાર થાય તે અનુસંધાને તંત્રના અધિકારીઓને જરુરી સુચનો આપ્યા હતા. જોકે આ સમગ્ર મામલે હોસ્પિટલના અધિકારીઓ કાઈ પણ કહેવા તૈયાર નથી અને ઢાંક પિછોડો કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઉલ્લેખનીય છેકે હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમને સ્વાઈન ફલુ થયો હતો તે સમયે પણ સિવિલ હોસ્પિટલના અધિકારીઓની આ જ સ્થિતિ થઈ હતી. એ વાત પણ કોન્ફીડેન્શીયલ રાખવામાં આવી હોવાથી કોઈ ડોકટર કે સ્ટાફ કે સત્તાધિશ કાંઈ કહેવા તૈયાર ન હતા અને આજની સ્થિતિમાં પણ કોઈ કાંઈ જ કહેવા તૈયાન નથી.

## આગામી રવિવારે જિલ્લાના ૬૭૦૨ ઉમેદવારો ટેટ-ટુની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૧૭

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી રવિવારે ટેટ ટુ ની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ આ પરીક્ષા ગત તા ૩૦ જુલાઈના રોજ લેવામાં આવનાર હતી પરંતુ અતિવૃષ્ટિ અને પુરના સંજોગોમાં પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો જેના અંતે હવે આગામી ૨૦ ઓગષ્ટના રોજ પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૬૭૦૨ ઉમેદવારો પરીક્ષા આપશે. ધોરણ ૬ થી ૮ માં વિવિધ વિષય શિક્ષકોની ભરતીને અનુલક્ષી આ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા ૨૦ ઓગષ્ટના રોજ ટેટ ટુની કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાજયમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારો આ કસોટી આપશે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૬૭૦૨ ઉમેદવારો ટેટ ટુ ની પરીક્ષામાં હાજરી આપશે. આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરુરી તૈયારી પણ કરી દેવામાં આવી છે. શિક્ષણતંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ટેટ ટુ ની પરીક્ષાને ધ્યાને લઈ પરીક્ષાનો સમય તેમજ સ્થળ અગાઉની જેમ યથાવત રાખવામાં આવ્યા છે. અગાઉ ગત મહીનાના અંતમાં આ પરીક્ષા લેવાની જાહેરાૈત કરવામાં આવી હતી. પરંતુ અતિવૃષ્ટિ અને પુરના લીધે કસોટીની તારીખ બદલવામાં આવી હતી. જેમાં પરીક્ષા બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન લેવાશે.

જયારે વિવિધ ભાષા, ગણિત વિજ્ઞાન તેમજ સામાજિક વિજ્ઞાન વિષયની કસોટી લેવાશે. વિષય શિક્ષકોની ઘટ પુરવા માટે યોજાનારી આ કસોટી માટે શિક્ષણતંત્ર દ્વારા જિલ્લામાં ૨૩ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે ઉમેદવારાની બેઠક વ્યવસ્થા કુલ ૨૨૪ બ્લોકમાં નિયત કરવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લા કલેકટર કચેરી દ્વારા વર્ગ એક અને બે ના અધિકારીઓને ઓબઝર્વર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

## બાપુના પુનઃ પક્ષીય રાજકારણમાં સક્રિય બનવાના મળતા સંકેતો

**પાટનગરના રાજકીય વર્તુળોમાં વહેતી થયેલી વાતો : આગામી દિવસોમાં સમર્થકોનું સંમેલન બાપુના સમર્થકો બોલાવી અને તેમને આગ્રહ કરશે તેવી વાતો**

ગાંધીનગર, તા. ૧૭

ગઈકાલે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપનાર વિપક્ષના પૂર્વ નેતા શંકરસિંહ વાઘેલા આગામી દિવસોમાં ભાજપમાં વિધિવત્ પાછા ફરશે તેવી અટકળોએ પાટનગરના રાજકીય વર્તુળોના પ્રવાહોને વધુ ઉત્તેજીત બનાવ્યા છે.



મળતી વિગતો અને સંકેતો પ્રમાણે આમ તો હાલમાં જ શંકરસિંહ વાઘેલા કોઈ પણ પક્ષમાં નહિ જોડાવાની જાહેરાત કરી ચુક્યા છે પરંતુ ગઈકાલે રાજીનામુ આપવા ગયા ત્યારે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની હાજરીને સૂચક માનવામાં આવી રહી છે.

રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા જાગી છે કે બાપુને મળવા આવનારા મુલાકાતીઓ પણ બાપુએ ભાજપમાં જોડાવુ જોઈએ તેવો આગ્રહ કરી રહ્યા છે.

બીજી તરફ ભાજપના પ્રદેશ પ્રમુખ વાઘાણીએ કોંગ્રેસ માત્ર સ્વાર્થમાં રાચતી રાજકીય પાર્ટી લેખાવી એવુ નિવેદન કર્યું છે કે વાઘેલા જનાધાર વિનાના કોંગ્રેસના નેતાઓના ષડયંત્રને પારખી ગયા અને વિપક્ષના નેતા તરીકે રાજીનામુ આપ્યું હતું.

તેમણે એમ પણ કહ્યુ છે કે શંકરસિંહજી જાહેર જીવનમાં સન્માનીત નેતા છે. કોંગ્રેસની પ્રજા પ્રતિનિધી વિરૂદ્ધની માનસિકતાને કોંગ્રેસના આગેવાનો એ જ ખુલ્લી પાડી છે. રાજ્યમાં રાજ્યસભાની ચૂંટણી પહેલાં ૫૭

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ આગામી મહિને શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં હાલ મોટાભાગના આંતરિક માર્ગો ઉબડખાબડ જોવા મળી રહયા છે. વરસાદી દિવસો દરમિયાન મુખ્ય માર્ગોની સરફેસ પણ ખરબચડી થતા માર્ગોની સુધારણા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગોની સુધારણા માટે ટુંકમાં કામ હાથ ધરવા આયોજન કરી દેવાયુ છે.સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વરસાદી દિવસોના અંતે આગમી મહીનાથી માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં છેલ્લા પાંચ વર્ષના લાંબા સમયગાળાના અંતે પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી. હાલ ભારે વરસાદના અંતે શહેરના સેકટરોમાં મોટાભાગના આંતરિક માર્ગો ઉબડ ખાબડ જોવા મળી રહયા છે. જેમાં ખાસ કરીને નવા સે ૧ થી ૫ માં માર્ગોની દશા બેઠી છે. કેટલાક ઠેકાણે રસ્તાઓનુ અસ્તિત્વ જ ભુંસાઈ ગયુ છે.

**નવા અને જુના સેકટરોમાં બિસ્માર માર્ગોની દશા સુધારવા માટે અંદાજિત ૩૦ કરોડનો ખર્ચ થશે**

સેકટરોના આંતરિક માર્ગો પર મોટા ગાબડા જોવા મળી રહયા છે. મસ મોટાખાડા અકસ્માતનુ કારણ બની રહયા છે. સેકટરોમાં માર્ગોનુ કામ પાંચ વર્ષ પુર્વે હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે નિયત સમયગાળો વિતી ગયા બાદ હજુ સુધી માર્ગોની દશા સુધારવા આગોતરુ આયોજન ન થતા હાલ વરસાદી દિવસોમાં સેકટરોના આંતરિક માર્ગો જોખમી બન્યા છે. માર્ગ સલામતી પણ જોખમાઈ છે.

છેલ્લા ઘણાં સમયથી માર્ગોની સુધારણા માટે સ્થાનિક રહીશો દ્વારા સતત રજુઆતો કરવામાં આવી રહી છે. જો કે માર્ગ સુધારણાની કામગીરીમાં વિલંબ થતા નાગરિકો હવે તોબા પોકારી ગયા છે. ત્યારે તંત્ર દ્વારા ચોમાસાના અંતે માર્ગોને ચકાચક બનાવવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. શહેરના નવા અને જુના સેકટરોમાં માર્ગોની દશા સુધારવા માટે અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માટે રૂ ૧૫ કરોડના ખર્ચની જોગવાઈ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ એજન્સી નક્કી કરી કામો શરૂ પણ કરી દેવાશે. અલબત્ત વરસાદી દિવસોના અંતે આગામી મહીનાના અંતમાં માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે.

## બાયડ તાલુકા પંચાયત ગુમાવતી કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૭

શંકરસિંહ વાઘેલાએ ધારાસભ્યપદેથી રાજીનામુ આપતાં જ આજે કોંગ્રેસની બાયડ તાલુકા પંચાયત જે કોંગ્રેસ હસ્તક હતી તે ધ્વસંત થઈ ગઈ છે. બાયડ તાલુકા પંચાયતના ૧૬માંથી ૧૨ સભ્યો આજે વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા છે અને આ સભ્યોને પ્રદેશ પ્રમુખ વાઘાણીએ કેસરીયો પહેરાવી આવકાર આપ્યો છે. આગામી દિવસોમાં અન્ય કેટલીક તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો તેમજ મનપાના બાપુ સમર્થકો પણ ભાજપમાં જોડાઈ શકે છે અને કોંગ્રેસ માટે તે વધુ ઘાતક પુરવાર થશે તેમ મનાઈ રહ્યુ છે.


કૃમિમુક્ત બાળક : તંદુરસ્ત બાળક

૧૮ ઓગષ્ટ ૨૦૧૭ મોપઅપ દિવસ

શું આપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં :

- કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેના કારણે હંમેશા થાક લાગે છે.
- સંપૂર્ણ શારિરીક અને માનસિક વિકાસ પુર્ણપણે થતો નથી.

કૃમિ સંક્રમણ ને અટકાવવું સહેલુ છે.



રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ તા.૧૦-૮-૧૭ ના રોજ છુટી ગયેલ

૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને અવશ્ય મોપઅપના દિવસે દવા ખવડાવીએ.

જિલ્લા આરોગ્ય તંત્ર, જિલ્લા પંચાયત, ગાંધીનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

Kisan ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com